**ૐ શ્રી મહાગણપતયે નમ:      ૐ શ્રી ગુરૂભ્યો નમ:      ૐ ઋષિભ્યો નમ:**

# દેવો, ઋષિઓ અને પિતૃઓ માટેનું તર્પણ

## સર્વસાધારણ રીત

લેખક : પિ.વિ. આર. નરસિંહ રાવ (www.vedicastrologer.org)

આવૃત્તિની તારીખ : ૧૧ ઑગસ્ટ ૨૦૦૮

## પ્રસ્તાવના :

બાહ્ય કર્મકાંડોનો મુખ્ય હેતુ આંતરિક દર્શનને પ્રબળ બનાવીને લાંબાગાળે આવકારદાયક આંતરિક ફેરફરો સર્જવાનો હોય છે. ઉ.ત. વ્યક્તિ હવનનાં અંતે પૂર્ણાહુતિ સ્વરૂપે નાળિયેરને અગ્નિમાં હોમે છે. આ નાળિયેર ખરેખર તો વ્યક્તિના માથા (અહંકાર, 'હું' પણાની ભાવના) નું દ્યોતક છે કે જેને વ્યક્તિ જ્ઞાનાગ્નિમાં હોમીને ભગવાનને સમર્પિત કરી દે છે, અને અહંકાર રહિત થઈ જાય છે. જેમ જેમ વ્યક્તિ આ ક્રિયા વારંવાર કરતી જાય છે તેમ તેમ તેની આંતરિક ભાવના પ્રબળ બનતી જાય છે અને ધીરેધીરે તે અહંકાર થી મૂક્ત થતી જાય છે.

તર્પણ એ હિંદુ (વેદિક) ધર્મનું એક મહત્વનું કર્મકાંડ છે. તર્પણનો અર્થ ''તૃપ્ત કરવું'' એવો થાય છે. વ્યક્તિ પોતાના પર રહેલા દેવો, ઋષિઓ અને પિતૃઓનાં ઋણોનો સ્વીકાર કરીને તર્પણના માધ્યમથી તેઓને તૃપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. જેવી રીતે હવનનાં અગ્નિમાં દેવોનું આહવાહન કરવામાં આવે છે એવી જ રીતે પિતૃઓનું આહવાહન જળમાં કરવામાં આવે છે, અને હથેળીના અમુક ચક્રો વાટે અમુક ચોક્કસ પદ્ધતિથી વિસર્જન કરવામાં આવે છે જેથી પિતૃઓની મુક્તિ થાય.

વ્યક્તિ તેના માતાપિતા અને પિતૃઓ (પૂર્વજોનો) ઋણિ છે. આધુનિક વિજ્ઞાનની ભાષામાં કહીએ તો વ્યક્તિની ''જેનેટીક'' લાક્ષણિકતાઓ એના માતાપિતા અને પૂર્વજો પાસેથી વારસાગત મળેલી હોય છે. દરેક પિતૃ વ્યક્તિમાં જેનેટીક લક્ષણ રૂપે રહેલો હોય છે. કાર્મિક દ્રષ્ટિકોણથી જોઈએ તો માતાપિતા અને પિતૃઓનાં થોડાં કર્મો વ્યક્તિને વારસાગત મળેલા હોય છે, અને એ રીતે દરેક પિતૃ કાર્મિક બંધન રૂપે

વ્યક્તિના જીવનમાં વણાયેલ હોય છે. આ બીજો દ્રષ્ટિકોણ સાહજિક રીતે જ ઘણાં જન્મોને સાંકળી લે છે અને એથી જ એ પણ સત્ય છે કે ગયા જન્મોનાં પિતૃઓનાં પણ થોડાં ઘણાં કર્મો (ઋણો) વ્યક્તિને આ જન્મમાં વારસાંમાં મળે છે. ભલે એ પિતૃઓ આ જન્મમાં તેની સાથે કોઈ પણ સંબધ ધરાવતાં ના હોય.

અવસાન પામેલાં પિતૃઓનું કૃતજ્ઞતાંપૂર્વક સ્મરણ કરીને તથા એમની મુક્તિ માટેની ભાવનાં થકી પ્રયત્ન કરીને ખરેખર તો વ્યક્તિ પોતાની જાતને તેમનાં કાર્મિક ઋણાનુંબંધનમાંથી મુક્ત કરે છે. વ્યક્તિ આને પિતૃઓને તૃપ્ત અને મુક્ત કરવાની અને તેમના ઋણમાંથી મુક્ત થવાની એક બાહ્ય ક્રિયા રૂપે જોઈ શકે છે અથવા આને એક આંતરિક કર્મના બંધનમાંથી મુક્ત થવાની આંતરિક ક્રિયા રૂપે પણ સમજી શકે છે. છેવટે તો કર્મના બંધનમાંથી મુક્તિ એ જ હેતુ છે. છતાં વ્યક્તિ એ શરૂઆતમાં તો બાહ્ય કર્મકાંડ કરતાં રહીને સાથે સાથે તેનાં આંતરિક અર્થનો વિચાર કરવો જોઈએ. આમ કરતાં રહેવાથી ધીરે ધીરે આંતરિક ભાવના બળવત્તર બનતી જાય છે અને આંતરિક રૂપાંતરની ક્રિયાની શરૂઆત થઈ જાય છે અને છેવટે ધારેલા આંતરિક ફેરફારો પરિપૂર્ણ થાય છે. વ્યક્તિના માતાપિતા જીવિત હોય તે પણ પોતાના અવસાન પામેલા આ જન્મનાં પિતૃઓ અને ગયાં જન્મોનાં પિતૃઓ માટે તર્પણ કરી શકે છે.

બે પ્રકારની આધ્યાત્મિક સાધનાંઓ ખાસ કરીને ખુબ સુક્ષ્મ, ઉપયોગી અને સૂચિત કરી શકાય એવી છે કે જેનાથી આધ્યાત્મિક ઉન્નતિના પંથે ચાલવા માંગતા સાધકને ખુબ મદદ મળી શકે છે.

૧) **હોમ (હવન-અગ્નિ સાધના) :** દેવોનું અગ્નિમાં આહવાહન કરીને તેમને મંત્રો સહિત આહુતિ આપીને પ્રસન્ન કરાય છે. વધુ વિગત માટે http://www.vedicastrologer.org/homam ની વેબસાઈટ જોવા વિનંતી છે. હોમની લાંબા ગાળાની સાધનાથી સાધકનાં સુક્ષ્મ શરીરમાં રહેલો સુક્ષ્મ અગ્નિ પ્રબળ બને છે જે સાધકના આધ્યાત્મિક ઉન્નતિનાં માર્ગમાં અવરોધક અશુદ્ધિઓને બાળીને સાધકના

મનને શુદ્ધ, પ્રશાંત અને એકચિત્ત કરે છે અને આધ્યાત્મિક પ્રગતિને વેગવાન બનાવે છે.

૨) **તર્પણ (જળ કર્મ કાંડ) :** દેવો, ઋષિઓ અને પિતૃઓનું આહવાહન જળમાં કરવામાં આવે છે, અને તેમને અંજલી દ્વારા તૃપ્ત કરાય છે તથા આ રીતે તેમની મુક્તિ માટેની ભાવના કરાય છે. આ તર્પણની લાંબાગાળાની સાધના ધીરે ધીરે સાધકને કાર્મિક ઋણમાંથી મુક્ત કરે છે અને તેનાં ફળ સ્વરૂપે, વ્યક્તિની આંતરિક નબળાઈઓ દૂર થઈ ને તેની ભૌતિક અને આધ્યાત્મિક બંને ક્ષેત્રે પ્રગતિ થાય છે.

આ આવૃત્તિમાં પિતૃ તર્પણની સરળ રીત જરૂરી યોગ્ય મંત્રો સહિત આપવામાં આવી છે. આ આવૃત્તિમાં આપવામાં આવેલી રીત <u>સર્વસાધારણ</u> છે. બીજી આવૃત્તિઓ પણ છે કે જેમાં ‘‘લઘુ પધ્ધતિ’’ અને ‘‘અત્યંત લઘુ પધ્ધતિ’’ દર્શાવવામાં આવેલ છે કે જેનો લાભ સંસ્કૃત ભાષા બરાબર ન જાણતાં કે સમયનાં અભાવ વાળા સાધકો કરી શકે છે.

આ બધી આવૃત્તિ ઓ "http://www.vedicastrologer.org/tarpana" ની વેબસાઈટ પર થી મેળવી શકાશે.

**<u>તર્પણ ક્યારે કરી શકાય</u>**

તર્પણ કોઈપણ દિવસે કરી શકાય. ખરેખર તો તર્પણ દરરોજ કરી શકાય છે. જો એમ શક્ય ન હોય તો વ્યક્તિ દર અઠવાડિયે કે દર પંદર દિવસે કે દર મહિને એકવાર તર્પણ કરી શકે છે. આમ તો તર્પણ ગમે તે જગ્યાએ કરી શકાય પણ છતાં આદર્શ રીતે રહેવાસની જગ્યા કે જ્યાં લોકો શયન કરતાં હોય ત્યાં ન કરવું. આંગણાંમાં કે ઘરનાં પાછળનાં વરંડામાં કે કઠેડાં (બાલ્કનીમાં) કે ઘરની અગાશીમાં કરવું સારૂં છે. અમાસ, ગ્રહણ, વ્યતિપાત યોગમાં, સંક્રાંતિ (સુર્ય ના રાશિ પ્રવેશ) ના દિવસે, અને પિતૃપક્ષ ના દિવસો તર્પણ માટે ઉત્તમ છે. આ દિવસોમાં તર્પણ ઘરની અંદર પણ કરી શકાય છે.

તર્પણનાં અમુક નિયમો છે. પાણી અને કાળાં તલ (જે પિતૃઓ માટે જરૂરી છે) નો ઉપયોગ તર્પણમાં નીચેના દિવસોમાં કરવાની મનાઈ છે.

૧) રવિવારે સપ્તમિ (સાતમ) તિથી આવે ત્યારે

૨) શુક્રવારે એકમ છઠ, કે અગિયારસ આવે ત્યારે

૩) રવિવારે ચંદ્ર જો ભરણિ, કૃતિકા કે મઘા નક્ષત્રમાં હોય

૪) વ્યક્તિનાં જન્મ દિવસે (તિથી પ્રમાણે)

ઉપરનાં દિવસોમાં તર્પણની ક્રિયા કરી શકાય કે જેમાં કાળાં તલનો ઉપયોગ ન થતો હોય પણ કાળાં તલના ઉપયોગથી થતું તર્પણ ન કરી શકાય.

**જરૂરી સામગ્રી**

નીચેની સામગ્રી તપર્ણ માટે જરૂરી છે.

૧) પાણીનો કળશ કે જે સોના, ચાંદી, તાંબા, કાંસા, પિત્તળ કે પંચધાતુમાંથી બનાવેલ હોય. જો આ ધાતુઓનો કળશ ન જ મળી શકે તો પછી કોઈ પણ કળશ કે પાત્રનો ઉપયોગ કરી લેવો હિતાવહ છે પરંતુ તર્પણની ક્રિયા પડતી ના મુકવી.

૨) થોડાં ચોખા (અક્ષત) લઈને હળદર તથાં એક ટીપું ઘી કે તેલથી મિશ્રણ તૈયાર કરવું. હળદર ન મળી શકે તો ફક્ત ચોખા લેવાં અને જો ચોખાં ન મળી શકે તો કોઈપણ અનાજ (કડધાન્ય) લઈને કામ ચલાવવું.

૩) કાળાં તલ. આ મેળવવાં નો ખુબ પ્રયત્ન કરવો. જો છતાં ન મળી શકે તો સફેદ કે ભુખરાં તલ વાપરવાં અને કોઈપણ પ્રકારનાં તલ ન મળી શકે તો ઉપર જણાવેલ ચોખાનો વપરાશ કરવો.

૪) દર્ભ (કુશ). દરેક દર્ભને અણીદાર ટોચ હોય છે અને મુળ હોય છે. તમારે ૩ દર્ભો જમણાં હાથની હથેળીમાં રાખવાનાં હોય છે જ્યારે તમે પાણીથી અંજલી આપો. જો દર્ભ ન મળી શકે તો કોઈપણ ઘાસનો ઉપયોગ કરો અને તેમ પણ ન થાય તો તેનાં વગર જ તર્પણની ક્રિયા કરો.

૫) પવિત્રિ તરીકે ઓળખાતી દર્ભની વિંટી જમણાં હાથની અનામિકા આંગળી માં પહેરવાની હોય છે. જો એ ન મળી શકે તો કોઈપણ વિંટીનો ઉપયોગ કરી શકાય છે અને વિંટી ન જ હોય તો તેના વગર આગળ વધો.

**સંકલ્પ :**

પલાઠી વાળીને બેસો. ડાબા હાથની હથેળી ઉપરની તરફ રહે એ પ્રમાણે જમણાં પગના ઘૂંટણ ઉપર મુકો. જમણી હથેળીમાં થોડા ચોખાં લઈને, મુઠ્ઠી વાળી ને ડાબા હાથની હથેળી ઉપર મુકો. સંકલ્પ લેતી વખતે નીચે પ્રમાણે બોલવામાં આવે છે. એનો અર્થ થાય છે. ''આ શુભ દિવસે અને શુભ મુહુર્તે, હું દેવો, ઋષિઓ અને પિતૃઓનું તર્પણ યથાશક્તિ કરીશ'' અને આ પ્રમાણે ઉચ્ચારીને ચોખા જમીન ઉપર સામી બાજુ પધરાવી દેવા.

ૐ અદ્ય શુભ દિને શુભ મુહૂર્તે દેવર્ષિપિતૃપ્રીત્યર્થં દેવર્ષિપિતૃતર્પણમ્ યથાશક્તિ કરિષ્યે।

**દેવ તર્પણ**

સર્વપ્રથમ દેવોનું તર્પણ કરાય છે કે જેઓ વિશ્વનું નિયમન કરે છે. આ જુદા જુદા દેવો દરેક વ્યક્તિની અંદર જુદા જુદા સદ્‌ગુણો ના માધ્યમથી પણ સુક્ષ્મ રીતે રહેલા હોય છે. જળથી ભરેલો કળશ તમારી સામે ગોઠવો. પૂર્વ દિશા સમક્ષ મુખ કરીને બેસો. જમણાં પગનો ઘૂંટણ જમીનને અડીને રહે અને ડાબો ઘુંટણ જમીનથી અધ્ધર રહે એ પ્રમાણે બેસો (ડાબાં પગને જમણાં પગની ઉપર ગોઠવીને બેસો કે જેથી ડાબો ઘુંટણ જમીનથી થોડો અધ્ધર રહે)

કળશમાં થોડાં ચોખા પધરાવો. કળશને જમણી હથેળી ઉપર મુકો અને, ડાબાં હાથની હથેળીથી તેનુ મુખ ઢાંકો અને નીચે પ્રમાણે બોલો. આમ બોલતી વખતે મનથી દેવો, ઋષિઓ વગેરેને કળશમાં પધારવાની વિનંતી કરો. આનો અર્થ આમ થાય છે - ''બ્રહ્માદિ દેવો, કશ્યપાદિ ઋષિઓ તથા બ્રહ્માંડમાં રહેલ મહાન આત્માઓ અહીં પધારો''

| |
|---|
| બ્રહ્માદયઃ સુરાઃ સર્વે ઋષયઃ કશ્યપાદયઃ। આગરછન્તુ મહાભાગા બ્રહ્માણ્ડો દરવર્તિન :।। |

હવે નીચે આપેલા દરેક મંત્રો એકવાર બોલો. કળશમાંથી થોડું પાણી જમણી હથેળીમાં લો. તમે કળશમાંથી સીધું પાણી લઈને હથેળીમાં રેડી શકો છો અથવા ચમચીનો ઉપયોગ કરી શકો છો. હવે જ્યારે પાણી હથેળીમાં હોય ત્યારે એક મંત્ર ઉચ્ચારો અને પાણીની અંજલી આપો (હથેળીમાંના પાણીને એક પાત્રમાં છોડી દો) પાણીની અંજલી એ રીતે આપો કે જેથી પાણી જમણી હથેળીની ચાર આંગળીઓની ટોચથી વહીને પાત્રમાં પડે (આકૃતિ માં દર્શાવેલા ''૧'' નાં ભાગ થી)

આકૃતિ નં.૧




જો તમારી પાસે ૩ દર્ભ હોય તો તેમની ટોચ આંગળીઓની ટોચ સાથે રહે એ રીતે જમણી હથેળીમાં પકડો. આમ કરવું ન ફાવે તો તમે વિંટીમાંથી ત્રણે દર્ભને પસાર કરી શકો છો જેથી દર્ભ સરકી ન જાય. દર્ભ ન હોય તો ચિંતા કર્યા વગર આગળ વધો.

જો તમે નદીમાં ઉભા રહીને તર્પણ કરતાં હો તો તમે તમારી બન્ને હાથની હથેળી મેળવીને તેમાં પાણી ભરેલો કળશ રાખો. હાથોને થાય એટલા ઉંચા કરો અને નીચે પ્રમાણે મંત્ર બોલીને પાણીને એવી રીતે છોડો કે જેથી પાણી તમારી આંગળીઓની ટોચને સ્પર્શ કરીને નદીમાં પડે.

ૐ બ્રહ્મા તૃપ્યતામ્। ૐ વિષ્ણુઃ તૃપ્યતામ્। ૐ રુદ્રઃ તૃપ્યતામ્ । ૐ પ્રજાપતિઃ તૃપ્યતામ્।
ૐ દેવાઃ તૃપ્યન્તામ્। ૐ દેવ્યઃ તૃપ્યન્તામ્। ૐ વસવઃ તૃપ્યન્તામ્। ૐ રુદ્રાઃ તૃપ્યન્તામ્।
ૐ આદિત્યાઃ તૃપ્યન્તામ્। ૐ છન્દાંસિ તૃપ્યન્તામ્। ૐ વેદાઃ તૃપ્યન્તામ્। ૐ ઋષયઃ તૃપ્યન્તામ્।
ૐ ગન્ધર્વાઃ તૃપ્યન્તામ્। ૐ અપ્સરસઃ તૃપ્યન્તામ્। ૐ દેવાનુગાઃ તૃપ્યન્તામ્। ૐ નાગાઃ તૃપ્યન્તામ્।
ૐ સાગરાઃ તૃપ્યન્તામ્। ૐ પવર્તાઃ તૃપ્યન્તામ્। ૐ સરિતઃ તૃપ્યન્તામ્। ૐ મનુષ્યાઃ તૃપ્યન્તામ્।
ૐ યક્ષાઃ તૃપ્યન્તામ્। ૐ રક્ષાંસિ તૃપ્યન્તામ્। ૐ પિશાચાઃ તૃપ્યન્તામ્। ૐ સુપર્ણાઃ તૃપ્યન્તામ્।
ૐ ભૂતાનિ તૃપ્યન્તામ્। ૐ પશવઃ તૃપ્યન્તામ્। ૐ વનસ્પતયઃ તૃપ્યન્તામ્।
ૐ ઔષધયઃ તૃપ્યન્તામ્।

**ઋષિ તર્પણ**

ઉપર પ્રમાણેના આસનમાં જ બેસી રહો (એટલે કે પૂર્વ દિશા તરફ મુખ રાખીને તથા જમણાં પગનો ઘુંટણ જમીનને અડીને રહે એ પ્રમાણે). ઋષિ તર્પણમાં દેવોના તર્પણ પ્રમાણે જ ચોખા સહિતના પાણીનો વપરાશ કરવાનો છે. મંત્રો નીચે પ્રમાણે બોલવાના રહેશે (નીચે આપેલા ઋષિઓમાં તમે તમારાં ગોત્રનાં ઋષિનું નામ પણ ઉમેરી શકો છે)

ૐ કશ્યપઃ તૃપ્યતામ્। ૐ અત્રિઃ તૃપ્યતામ્। ૐ વસિષ્ઠઃ તૃપ્યતામ્। ૐ વિશ્વામિત્રઃ તૃપ્યતામ્।
ૐ ગૌતમઃ તૃપ્યતામ્। ૐ ભરદ્વાજઃ તૃપ્યતામ્। ૐ જમદગ્નિઃ તૃપ્યતામ્। ૐ અંગિરાઃ તૃપ્યતામ્।
ૐ કુત્સઃ તૃપ્યતામ્। ૐ ભૃગુઃ તૃપ્યતામ્।

**જનોઈ અને બેસવાની પધ્ધતિમાં ફેરફાર**

હવે ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેસો. જો તમે જનોઈ ઘારણ કરતાં હો તો જનોઈને કાઢયા વગર ગળામાં હારની જેમ પહેરો. પલાંઠી વાળીને એ રીતે બેસો કે જેથી બન્ને પગનાં ઘુંટણ જમીનથી અધ્ધર રહે.

**<u>દિવ્ય મનુષ્ય તર્પણ</u>**

હવે આપણે અમુક દિવ્ય મનુષ્યોને અંજલી અર્પણ કરવાની છે. નીચેના મંત્રો બોલતી વખતે જમણી હથેળીમાંના પાણીને કનિષ્ઠિકા (ટચલી) આંગળીના મુખ પાસેથી વહેવડાવો (આકૃતિ નંબર '૧' માં '૨' નંબરથી દર્શાવેલા ભાગ પાસેથી). જમણી હથેળીમાં પાણી લો, મંત્રનો ઉચ્ચાર કરો અને પાણીને એવી રીતે છોડો કે જેથી તે કનિષ્ઠિકા (ટચલી) આંગળીનાં મુળના ભાગ ઉપરથી.થઇ ને નીચે પાત્રમાં પડે. જો ૩ દર્ભ હોય તો દર્ભની ટોચને ટચલી આંગળીની ટોચ સાથે એવી રીતે ગોઠવો કે જેથી પાણી દર્ભની વચ્ચેના ભાગને સ્પર્શ કરીને જાય.

ૐ સનકઃ તૃપ્યતામ્। ૐ સનકઃ તૃપ્યતામ્। ૐ સનન્દઃ તૃપ્યતામ્। ૐ સનન્દઃ તૃપ્યતામ્।
ૐ સનાતનઃ તૃપ્યતામ્। ૐ સનાતનઃ તૃપ્યતામ્। ૐ સનત્કુમારઃ તૃપ્યતામ્। ૐ સનત્કુમારઃ તૃપ્યતામ્।
ૐ કપિલઃ તૃપ્યતામ્। ૐ કપિલઃ તૃપ્યતામ્। ૐ આસુરિઃ તૃપ્યતામ્। ૐ આસુરિઃ તૃપ્યતામ્।
ૐ વોઢુઃ તૃપ્યતામ્। ૐ વોઢુઃ તૃપ્યતામ્। ૐ પંચશિખઃ તૃપ્યતામ્। ૐ પંચશિખઃ તૃપ્યતામ્।

**<u>હવે કરવાનાં ફેરફારો</u>**

દક્ષિણ દિશા તરફ મુખ રાખીને બેસો. જો તમે જનોઈ ધારણ કરતાં હો તો હવે જનોઈ ને ફેરવી નાખો. એટલે કે જનોઈ ને <u>અંગ થી કાઢયા વગર</u> એવી રીતે ફેરવો કે જેથી જનોઈ જમણાં ખભાથી શરૂ થઈ ને ડાબી તરફના કમરનાં ભાગ ઉપર જાય. ડાબા પગનો ઘુંટણ જમીનને અડીને રહે અને જમણાં પગનો ઘુંટણ અધ્ધર રહે એમ બેસો. બીજાં શબ્દોમાં કહીએ તો ડાબાં પગની ઉપર જમણાં પગને ગોઠવીને પલાઠી વાળો. પાણી ભરેલા કળશમાં થોડાં <u>કાળા તલ</u> પધરાવો.

**<u>હવે પછી પાણીને છોડવાની રીત :</u>** જમણી હથેળીમાં થોડું પાણી લઈને મંત્ર બોલો અને પાણીને હથેળી નમાવીને એવી રીતે છોડો કે જેથી તે પ્રથમ આંગળીના મુખની ઉપરથી થઈને પાત્રમાં પડે (આકૃતિ નંબર '૧' માં દર્શાવેલ '૩' નંબરનાં ભાગ ઉપરથી). હવે દરેક મંત્રમાં ૩ વાર અંજલી આપવાની છે. જો તમારી પાસે ૩ દર્ભ હોય તો તેના ટોચનાં છેડાને હથેળીમાં એવી રીતે ગોઠવો કે જેથી એ પ્રથમ આંગળીના ટેરવાંની સાથે મળીને રહે. દર્ભ ન હોય તો ચિંતા કર્યા વગર આગળ વધો.

## દિવ્ય પિતૃ તર્પણ

હવે દિવ્ય આત્માઓને અંજલી આપવાની છે. નીચે આપેલા ચાર મંત્રો અગ્નિ દેવ (કે જે અગ્નિમાં બળેલાને લઈ જાય છે), વરૂણ દેવ (જે પાણી માં તણાયેલાને લઈ જાય છે), યમ દેવ (કે જે ધર્મના રખેવાળ અને લોકોના કર્મોના ન્યાય કર્તા છે) અને અર્યમા દેવ (કે જે આત્મ ક્ષેત્રના અધિપતિ છે) માટે છે. ઉપર દર્શાવેલી રીતે અંજલી અર્પણ કરો કે જ્યારે તમને અંકો નું વાંચન આવે.

ૐ અગ્નિઃ તૃપ્યતામ્ ઈદં સલિલં જલં તસ્મૈ સ્વધા નમઃ।।૧।। તસ્મૈ સ્વધા નમઃ।।૨।। તસ્મૈ સ્વધા નમઃ ।।૩।।
ૐ સોમઃ તૃપ્યતામ્ ઈદં સલિલં જલં તસ્મૈ સ્વધા નમઃ।।૧।। તસ્મૈ સ્વધા નમઃ।।૨।। તસ્મૈ સ્વધા નમઃ ।।૩।।
ૐ યમઃ તૃપ્યતામ્ ઈદં સલિલં જલં તસ્મૈ સ્વધા નમઃ।।૧।। તસ્મૈ સ્વધા નમઃ।।૨।। તસ્મૈ સ્વધા નમઃ ।।૩।।
ૐ અર્યમા તૃપ્યતામ્ ઈદં સલિલં જલં તસ્મૈ સ્વધા નમઃ।।૧।। તસ્મૈ સ્વધા નમઃ।।૨।। તસ્મૈ સ્વધા નમઃ ।।૩।।

હવે પછીના ૩ મંત્રો એ બધાં પિતૃઓ માટે છે કે જેઓ અગ્નિ દ્વારા ભસ્મ થયાં છે અથવા પાણી માં વહી ગયા છે અથવા ઉચ્ચ કક્ષાનાં આત્માઓ કે જેમણે હાલમાં જ દેહ ત્યાગ કર્યો છે.

ૐ અગ્નિષુ આત્તાઃ પિતરઃ તૃપ્યન્તામ્ ઈદં સલિલં જલં તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।।
તેભ્યઃ સ્વધા નમઃ ।।૨।।
તેભ્યઃ સ્વધા નમઃ।।૩।।
ૐ સોમપાઃ પિતરઃ તૃપ્યન્તામ્ ઈદં સલિલં જલં તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।।
તેભ્યઃ સ્વધા નમઃ ।।૨।।
તેભ્યઃ સ્વધા નમઃ।।૩।।
ૐ બહિર્ષદ : પિતરઃ તૃપ્યન્તામ્ ઈદં સલિલં જલં તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।।
તેભ્યઃ સ્વધા નમઃ ।।૨।।
તેભ્યઃ સ્વધા નમઃ।।૩।।

## યમ તર્પણ

આ અંજલીઓ યમદેવ માટે છે. યમદેવ એ ધર્મનું રક્ષણ કરનાર અને લોકોના કર્મોનો ન્યાય કરનાર દેવ છે. આગળ દર્શાવેલ રીત પ્રમાણે જ પાણીની અંજલી અર્પણ કરો જ્યારે મંત્રમાં નમઃ આવે

ॐ યમાય નમઃ । ॐ યમાય નમઃ । ॐ યમાય નમ ઃ।
ॐ ધર્મ રાજાય નમઃ । ॐ ધર્મ રાજાય નમઃ । ॐ ધર્મ રાજાય નમઃ ।
ॐ મૃત્યવે નમઃ । ॐ મૃત્યવે નમઃ । ॐ મૃત્યવે નમઃ ।
ॐ અન્તકાય નમઃ । ॐ અન્તકાય નમઃ । ॐ અન્તકાય નમઃ ।
ॐ વૈવસ્વતાય નમઃ । ॐ વૈવસ્વતાય નમઃ । ॐ વૈવસ્વતાય નમઃ ।
ॐ કાલાય નમઃ । ॐ કાલાય નમઃ । ॐ કાલાય નમઃ ।
ॐ સર્વભૂતક્ષયાય નમઃ । ॐ સર્વભૂતક્ષયાય નમઃ । ॐ સર્વભૂતક્ષયાય નમઃ ।
ॐ ઔદુમ્બરાય નમઃ । ॐ ઔદુમ્બરાય નમઃ । ॐ ઔદુમ્બરાય નમઃ ।
ॐ દઘનાય નમઃ । ॐ દઘનાય નમઃ । ॐ દઘનાય નમઃ ।
ॐ નીલાય નમઃ । ॐ નીલાય નમઃ । ॐ નીલાય નમઃ ।
ॐ પરમેષ્ઠિને નમઃ । ॐ પરમેષ્ઠિને નમઃ । ॐ પરમેષ્ઠિને નમઃ ।
ॐ વૃકોદરાય નમઃ । ॐ વૃકોદરાય નમઃ । ॐ વૃકોદરાય નમઃ ।
ॐ ચિત્રાય નમઃ । ॐ ચિત્રાય નમઃ । ॐ ચિત્રાય નમઃ ।
ॐ ચિત્રગુપ્તાય નમઃ । ॐ ચિત્રગુપ્તાય નમઃ । ॐ ચિત્રગુપ્તાય નમઃ ।

## <u>પિતૃ તર્પણ</u>

આ ભાગમાં આપેલા મંત્રો અનેક જન્મોમાં અવસાન પાયેલા જુદા જુદા પિતૃઓનાં તર્પણ માટે છે. પહેલા પાણી ભરેલા કળશને તમારી સામે મુકો અને નીચા વળીને તેને નમન કરો અને નીચે પ્રમાણે કહો. આવો અર્થ છે - ''મારાં પિતૃઓ અહીં પધારો અને મારી જળાંજલીનો સ્વીકાર કરો''

ॐ આગરછન્તુ મે પિતરઃ ઈમં ગૃહણન્તુ જલાંજલિમ્ ।

નીચેના મંત્રો બોલતી વખતે પાણીથી અંજલી આપો જ્યારે જ્યારે અંકો મંત્રોમાં આવે. અંજલી આપવાની રીત આગળ ઉપર જણાવ્યા પ્રમાણે જ રહેશે. અહીંયા જણાવવાનું ઉચિત રહેશે કે મોસાળ અને પિતા પક્ષના પૂર્વજો માટે ૩ વખત અંજલી આપવાનું પ્રયોજન છે કે જે ૩ પેઢીના પૂર્વજોની તૃપ્તિ માટે છે. જ્યારે અન્ય પિતૃઓને માટે ફક્ત એક વખત અંજલી આપવાની રહેશે.

આ મંત્રો સર્વસાધારણ મંત્રો છે અને એ બધાં લોકોને આવરી લે છે કે જેમની સાથે તમે પ્રબળ ઋણાનુંબંધનથી જોડાયેલા હો. આ મંત્રો બધાં પિતૃઓને સાંકળી લે છે પછી ભલે માતા-પિતા અને બીજા સંબંધીઓ જીવીત હોય કે નહિં.

અવસાન પામેલા અમુક ચોક્કસ સંબંધીઓ માટે ચોક્કસ મંત્રો છેલ્લે આપવામાં આવ્યા છે.

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારાં પિતા થયા હોય તેમનાં માટેઃ

મમ સર્વજન્મેષુ પિતરઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।।
તેભ્યઃ સ્વધા નમઃ ।।૨।। તેભ્યઃ સ્વધા નમઃ ।।૩।।

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારાં દાદા (પિતા ના પિતા) થયા હોય તેમનાં માટેઃ

મમ સર્વજન્મેષુ પિતામહાઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।।
તેભ્યઃ સ્વધા નમઃ ।।૨।। તેભ્યઃ સ્વધા નમઃ ।।૩।।

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારાં પિતાના પિતાના પિતા થયા હોય એમના માટેઃ

મમ સર્વજન્મેષુ પ્રપિતામહાઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।।
તેભ્યઃ સ્વધા નમઃ ।।૨।। તેભ્યઃ સ્વધા નમઃ ।।૩।।

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી માતા થયા હોય એમના માટે :

મમ સર્વજન્મેષુ માતરઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।।
તાભ્યઃ સ્વધા નમઃ ।।૨।। તાભ્યઃ સ્વધા નમઃ ।।૩।।

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી દાદી (પિતાની માતા) થયા હોય તેમના માટે :

મમ સર્વજન્મેષુ પિતામહ્યઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।।
તાભ્યઃ સ્વધા નમઃ ।।૨।। તાભ્યઃ સ્વધા નમઃ ।।૩।।

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારાં પિતાના પિતાની માતા (દાદાની માતા) થયા હોય એમના માટે :

મમ સર્વજન્મેષુ પ્રપિતામહ્યઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।।
તાભ્યઃ સ્વધા નમઃ ।।૨।। તાભ્યઃ સ્વધા નમઃ ।।૩।।

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી પત્નિ થયા હોય એમના માટે :

મમ સર્વજન્મેષુ પત્ન્યઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।।

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારા પતિ થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ પતયઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારા પુત્રો થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ પુત્રાઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી પુત્રી થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ કન્યાઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી પાલક માતા થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ સાપત્નમાતરઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી માતા ના પિતા (નાના) થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ માતામહાઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। તેભ્યઃ સ્વધા નમઃ ।।૨।। તેભ્યઃ સ્વધા નમઃ ।।૩।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી માતા ના પિતા ના પિતા (નાના નાં પિતા) થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ પ્રમાતામહાઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। તેભ્યઃ સ્વધા નમઃ ।।૨।। તેભ્યઃ સ્વધા નમઃ ।।૩।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી માતા ના પિતા ના પિતા ના પિતા થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ વૃધ્ધપ્રમાતામહાઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। તેભ્યઃ સ્વધા નમઃ ।।૨।। તેભ્યઃ સ્વધા નમઃ ।।૩।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી માતા ની માતા (નાની) થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ માતામહ્યઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।। તાભ્યઃ સ્વધા નમઃ ।।૨।। તાભ્યઃ સ્વધા નમઃ ।।૩।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી માતાના પિતાની માતા (નાના ની માતા) થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ પ્રમાતામહ્યઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।। તાભ્યઃ સ્વધા નમઃ ।।૨।। તાભ્યઃ સ્વધા નમઃ ।।૩।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી માતા ના પિતાના પિતાની માતા થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ વૃધ્ધપ્રમાતામહ્યઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।। તાભ્યઃ સ્વધા નમઃ ।।૨।। તાભ્યઃ સ્વધા નમઃ ।।૩।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારા ભાઈ થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ ભ્રાતરઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી બહેન (ભગિની) થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ ભગિન્યઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારા કાકા (પિતા ના ભાઈ) થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ પિતૃવ્યાઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારા મામા (માતા ના ભાઈ) થયા હોય એમના માટેઃ

| |
|---|
| મમ સર્વજન્મેષુ માતૃલાઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારા કુટુંબી ભાઈઓ થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ સાપત્નભ્રાતરઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી કુટુંબી બહેનોથયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ સાપત્નભગિન્યઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી ફોઈ (પિતાની બહેન) થયા હોય એમના માટે :

| |
|---|
| મમ સર્વજન્મેષુ પિતૃભગિન્યઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારી માસી (માતા ની બહેન) થયા હોય એમના માટેઃ

| |
|---|
| મમ સર્વજન્મેષુ માતૃભગિન્યઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારાં સસરા (પત્નિ ના પિતાં) થયા હોય એમના માટેઃ

| |
|---|
| મમ સર્વજન્મેષુ શ્ર્વશુરાઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારાં સાસુ (પત્નિની માતાં) થયા હોય એમના માટેઃ

| |
|---|
| મમ સર્વજન્મેષુ શ્ર્વશુરપત્ન્યઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારાં ગુરૂ (શિક્ષકો આધ્યાત્મિક ગુરૂ) થયા હોય એમના માટેઃ

| |
|---|
| મમ સર્વજન્મેષુ ગુરવઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારાં ગુરૂ પત્નિ થયા હોય એમના માટેઃ

| |
|---|
| મમ સર્વજન્મેષુ ગુરૂપત્ન્યઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તાભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારાં શિષ્ય થયા હોય એમના માટેઃ

| |
|---|
| મમ સર્વજન્મેષુ શિષ્યાઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારાં વિરોધીઓ, શત્રુઓ થયા હોય એમના માટેઃ

| |
|---|
| મમ સર્વજન્મેષુ શત્રુઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારાં મિત્ર થયા હોય એમના માટેઃ

| |
|---|
| મમ સર્વજન્મેષુ સખાઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારાં આપ્તજન થયા હોય એમના માટેઃ

| |
|---|
| મમ સર્વજન્મેષુ આપ્તજનાઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

જે લોકો જુદા જુદા જન્મોમાં તમારાં કુળમાં જનમ્યા હોય એમના માટેઃ

| |
|---|
| મમ સર્વજન્મેષુ સ્વકુલજાતાઃ તૃપ્યન્તામ ઈદં તિલોદકં સ્વધાયિભ્યઃ તેભ્યઃ સ્વધા નમઃ ।।૧।। |

## વિશેષ મંત્રો અમુક ચોક્કસ અવસાન પામેલી વ્યક્તિઓ માટે

ઉપર આપેલી અત્યંત લાંબી સૂચિમાં તમારી સાથે જુદા જુદા જન્મોમાં ઘનિષ્ઠ ઋણાનુંબંધનથી જોડાયેલ વ્યક્તિઓનો સમાવેશ કરી લેવામાં આવ્યો છે કે જેમના ઋણાનુબંધનની કાર્મિક છાપ તમારાં જીવનમાં પડેલી હોય છે.

હવે જો તમારે અવસાન પામેલી ચોક્કસ વ્યક્તિઓનું તર્પણ કરવું હોય તો તમે નીચે આપેલા મંત્રોમાંથી યોગ્ય મંત્રોનો ઉપયોગ કરી શકો છે. અવસાન પામેલી વ્યક્તિ પુરૂષ હતી કે સ્ત્રી હતી તે પ્રમાણે મંત્રની નિમણુક કરવી. ગોત્ર, સગપણ અને વ્યક્તિનું નામ નીચે આપેલા મંત્રમાં યોગ્ય જગાએ ઉમેરવું.

જો અવસાન પામેલ વ્યક્તિ પુરૂષ હોય (સૂચિ 'અ' માં થી)

(ગોત્ર) ગોત્રઃ મમ (સગપણ) (નામ) તૃપ્યતામ્ ઈદં તિલોદકં તસ્મૈ સ્વધા નમઃ।।૧।।
તસ્મૈ સ્વધા નમઃ।।૨।। તસ્મૈ સ્વધા નમઃ।।૩।।

જો અવસાન પામેલ વ્યક્તિ સ્ત્રી હોય (સૂચિ 'અ' માં થી)

(ગોત્ર) ગોત્રા મમ (સગપણ) (નામ) તૃપ્યતામ્ ઈદં તિલોદકં તસ્યૈ સ્વધા નમઃ।।૧।।
તસ્યૈ સ્વધા નમઃ।।૨।। તસ્યૈ સ્વધા નમઃ।।૩।।

જો અવસાન પામેલ વ્યક્તિ પુરૂષ હોય (સૂચિત 'બ' માં થી)

(ગોત્ર) ગોત્રઃ મમ (સગપણ) (નામ) તૃપ્યતામ્ ઈદં તિલોદકં તસ્મૈ સ્વધા નમઃ।।૧।।

જો અવસાન પામેલ વ્યક્તિ સ્ત્રી હોય (સૂચિ 'બ' માં થી)

(ગોત્ર) ગોત્રા મમ (સગપણ) (નામ) તૃપ્યતામ્ ઈદં તિલોદકં તસ્યૈ સ્વધા નમઃ।।૧।।

ઉપર આપેલ દરેક મંત્રમાં જ્યાં (ગોત્ર) લખેલું છે તેની જગ્યાએ અવસાન પામેલ વ્યક્તિનાં ગોત્ર ઋષિના નામનો ઉચ્ચાર કરવો (દા.ત. અગસ્ત્ય, વસિષ્ઠ, ગૌતમ, અંગિરસ વગરે) ગોત્રનો અર્થ થાય છે કે વ્યક્તિ તેના ગોત્રના ઋષિના કુળમાં જન્મેલી છે. જો ગોત્રની જાણ ન હોય તો 'અચ્યુત' અથવા 'શિવ' નો ઉપયોગ કરી લેવો.

(નામ) ની જગ્યાએ અવસાન પામેલ વ્યક્તિનું નામ ઉચ્ચારવું

(સગપણ) ની જગ્યાએ તમારું અવસાન પામેલ વ્યક્તિ સાથેનું સગપણ સંસ્કૃતમાં ઉચ્ચારવું. તમે સંસ્કૃતમાં આપેલા સગપણ સૂચિ 'અ' અને 'બ' માં થી મેળવી થકશો. ધ્યાનમાં રાખવું ઘટે કે તર્પણ ઘણાં નજીકના કે દૂરનાં સંબંધીઓ માટે કરી શકાય છે માટે દરેક વ્યક્તિનું તર્પણ કરતી વખતે ઉપરનાં મંત્રોનું ફરી ઉચ્ચારણ કરવું.

**જુદા જુદા સગપણ માટેના સંસ્કૃત શબ્દો**

સૂચિ 'અ' (પૈતૃક/મોસાળ પક્ષના પુર્વજ)

પિતા
માતા
પિતામહઃ (દાદા)
પિતામહી (દાદી)
પ્રપિતામહઃ (પિતાના પિતાના પિતા)
પ્રપિતામહી (પિતાના પિતાની માતા)
માતામહઃ (માતા ના પિતા, નાના)
માતામહી (માતાની માતા, નાની)
પ્રમાતામહઃ (માતાના પિતાના પિતા)
પ્રમાતામહી (માતાના પિતાની માતા)
વૃદધપ્રમાતામહઃ (માતાના પિતાના પિતાના પિતા)
વૃધ્ધપ્રમાતામહી (માતાના પિતાના પિતાની માતા)
સાપત્ન માતા (સાવકી મા)
સાપત્ન પિતા (પાલક પિતા)
સાપત્ન ભ્રાતા (સાવકો ભાઈ)
સાપત્ન ભગિની (સાવકી બહેન)
પિતૃવ્યઃ (કાકા-પિતાના ભાઈ)
માતુલઃ (મામા-માતાના ભાઈ)
પિતૃભગિની (ફોઈ-પિતાની બહેન)
માતૃભગિની (માસી–માતાની બહેન)
શ્વશુરઃ (સસરા-પત્નિની માતા)
શ્વશુરપત્ની (સાસુ- પત્નિની માતા)
ગુરુઃ (ગુરુ જો પુરુષ હોય તો)
ગુરુપત્નિ (ગુરુ ની પત્નિ)
ગુર્વી (ગુરુ જે સ્ત્રી હોય)
ગુર્વીપતિઃ (સ્ત્રી ગુરુના પતિ)
શિષ્યઃ
સખા (મિત્ર)

સૂચિ 'બ' (અન્ય સગાં માટે)

પત્નિ
પતિ
પુત્રઃ
કન્યા
પુત્રપત્નિ
પૌત્ર (પુત્રનો પુત્ર)
પૌત્રી (પુત્રની કન્યા)
જામાતા (જમાઈ)
દૌહિત્રઃ (પુત્રીનો પુત્ર)
દૌહિત્રી (પુત્રીની કન્યા)
ભ્રાતા (ભાઈ)
ભગિની (બહેન)
આપ્તજનઃ (આત્મીયજનો, વ્હાલાં)
સ્વકુલજાતઃ (પોતાનાં કુળમાં જન્મેલા)

**<u>અંતિમ ચરણ</u>**

હથેળીમાંથી જળની નિરંતર ધાર કરતાં જતાં નીચેના શ્લોક બોલવા (જળ આકૃતિ નંબર '૧' ના ૩ નંબરના ભાગ પરથી જવું જોઇએ)

| |
|---|
| નરકેષુ સમસ્તેષુ યાતનાસુ ચ યે સ્થિતાઃ। તેષામાપ્યાયનાયૈતદીયતે સલિલં મયા।। |
| યે બાન્ધવા બાન્ધવાશ્ચ યેન્યજન્મનિ બાન્ધવાઃ। તે તૃપ્તિમખિલા યાન્તુ યશ્ચાસ્મત્તો ભિવાંછતિ।। |
| યે મે કુલા લુપ્તપિણ્ડાઃ પુત્ર દાર વિવર્જિતાઃ । તેષાં હિ દત્તમક્ષય્યમિદમસ્તુ તિલોદકં ।। |
| આબ્રહ્મસ્તમ્બપર્યન્તં દેવર્ષિપિતૃમાનવાઃ। તૃપ્યન્તુ પિતરઃ સર્વે માતૃ માતામહાદયઃ ।। |
| અતીતકુલકોટીનાં સપ્તદ્વિપનિવાસિનાં । આબ્રહ્મભુવનાલ્લોકાદિદમસ્તુ તિલોદકં ।। |

હવે કળશનું વધેલું પાણી ઢોળી દો, કળશને સાફ કરીને પછી એમાં પાછું ચોખ્ખું પાણી ભરો. પુર્વ દિશામાં મુખ કરીને બેસો. જનોઈને પાછી સીધી રીતે પહેરી લો (ડાબા ખભાથી જમણી કમર તરફ). જમણો ઘુંટણ જમીનને અડે અને ડાબો ઘુંટણ થોડો અધ્ધર રહે તેમ બેસો અને નીચેના મંત્રો બોલતી વખતે અંજલી જમણી હથેળી માંથી અર્પણ કરો (આકૃતિ નંબર '૧' માં '૧' અંક થી બતાવેલ જગ્યાએથી)

| |
|---|
| ॐ સૂર્યાય નમઃ । ॐ બ્રહ્મણે નમઃ । ॐ અગ્નયે નમઃ । ॐ પૃથિવ્યૈ નમઃ । |
| ॐ વરુણાય નમઃ । ॐ વિષ્ણવે નમઃ । |

હવે નીચે પ્રમાણે બોલો અને એવી ધારણાં કરો કે તમે કરેલી સંપૂર્ણ ક્રિયા તમે ઈશ્વરને સમર્પણ કરી દીધી છે. હવે તમે કર્તાનો ભાવ મનમાંથી સંપૂર્ણ રીતે કાઢી નાખો.

| |
|---|
| અનેન યથાશક્તિકૃતેન દેવર્ષિપિતૃ તર્પણાખ્યેન કર્મણા ભગવાન પિતૃસ્વરૂપી જનાર્દન |
| વાસુદેવઃ પ્રીયતાં ન મમ । ॐ તત્ સત્ । ॐ સર્વમ્ શ્રી કૃષ્ણાર્પણમસ્તુ । |
| ॐ લોકાઃ સમસ્તાઃ સુખિનો ભવન્તુ । ॐ સર્વે જનાઃ સુખિનો ભવન્તુ । |
| ॐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ । |